# એ કાન તારી મોરલીએ

(ફિલ્મઃ રા’નવઘણ)

એ......કાન તારી મોરલીએ, જીરે ગરબો ઘેલો કીધો.
એ એવા સરોવર સાદની રે,  માઝમ રાતની
જી રે......મોરલી કયારે વાગી, કાન તારી મોરલીએ...
એ કાન (૩) તારી મોરલીએ મોહીને રોતાં બાળ મેલ્યાં,
એ.....એવા સરોવર...જીરે વિજોગણ કયારે વાગી - કાન...
એ કાન (૩) તારી...મોરલીએ મા ને બાપ મેલ્યાં.
એ.....એવા સરોવર...જીરે વિરાગળ કયાં રે વાગી - કાન...
એ કાન (૩) તારી...મોરલીએ ભાઇને ભોજાઇ મેલ્યાં
એ.....એવા સરોવર...જીરે વાંસલડી કયારે વાગી - કાન...
મથુરામાં ખેલ ખેલી આવ્યા, ઓ કાન કયાં રમી આવ્યા
કાનના કુંડલ કયાં મેલી આવ્યા.
મોરલી તે કોની ચોરી લાવ્યા...ઓ કાન...
ડોક કેરો હાર તમે કયાં મેલી આવ્યા - ઓ,
મોજડી તે કોની ચોરી લાવ્યા ઓ કાન...મથુરામાં...
એ......કાન તારી મોરલીએ, જીરે ગરબો ઘેલો કીધો,
એ......એવા સરોવર સાદની રે,  માઝમ રાતની,
જી રે મોરલી કયાં રે વગાડી.